અપીલ અરજી નં.૭૩ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સોસા. આંજણા ફાર્મ એસએમસી પ્લોટ સામે ભાઠેના , સુરતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા કઈ તારીખે તથા કયા કયા અધિકારીની હાજરીમાં કરવામાં આવ્યું. તેવા અધિકારીના નામ, હોદ્દા તારીખ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૨) આ મિલ્કતના ડીમોલીશન બાદ મિલ્કતધારક પાસેથી વહીવટી ચાર્જ પેટે કેટલી રકમ વસુલ કરી તેની સામે આપેલ પહોંચની નકલ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૩) આપના વિભાગ ધ્વારા ડીમોલીશન થયા બાદ ફરીથી વિના મંજુરીએ આ બાંધકામ ઉભું થયું તો ત્યાર બાદ આપના વિભાગ તરફથી આ મિલકતધારકને કોઈ સૂચના કે નોટીસ આપી કે કેમ? જો આવી કોઈ સૂચના કે નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૮ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૩/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૪–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સોસા. આંજણા ફાર્મ એસએમસી પ્લોટ સામે ભાઠેના , સુરતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા કઈ તારીખે તથા કયા કયા અધિકારીની હાજરીમાં કરવામાં આવ્યું. તેની અધિકારીના નામ, હોદ્દા તારીખ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૨) આ મિલ્કતના ડીમોલીશન બાદ મિલ્કતધારક પાસેથી વહીવટી ચાર્જ પેટે કેટલી રકમ વસુલ કરી તેની સામે આપેલ પહોંચની નકલ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૩) આપના વિભાગ ધ્વારા ડીમોલીશન થયા બાદ ફરીથી વિના મંજુરીએ આ બાંધકામ ઉભું થયું તો ત્યાર બાદ આપના વિભાગ તરફથી આ મિલકતધારકને કોઈ સૂચના કે નોટીસ આપી કે કેમ? જો આવી કોઈ સૂચના કે નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. વિગેરે મુદ્દા નં.૧ થી ૮ની માહિતી આપવા બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૮ તા.૧૮ –૫–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૪–૧૧ ની અરજીથી ગેરકાયદેસર બાંધકામ અંગે ડીમોલીશન બાબતે આકારણી તથા પેકેજ ડ્રીકીંગ વોટર તેમજ બોરીંગ વિગેરે બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.(૧) પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સોસા. આંજણા ફાર્મ એસએમસી પ્લોટ સામે ભાઠેના , સુરતમાં થયેલ ગેરકાયદેસર બાંધકામનું ડીમોલીશન આપના વિભાગ ધ્વારા કઈ તારીખે તથા કયા કયા અધિકારીની હાજરીમાં કરવામાં આવ્યું. તેની અધિકારીના નામ, હોદ્દા તારીખ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૨) આ મિલ્કતના ડીમોલીશન બાદ મિલ્કતધારક પાસેથી વહીવટી ચાર્જ પેટે કેટલી રકમ વસુલ કરી તેની સામે આપેલ પહોંચની નકલ સહિતની વિગત આપશો. મુદ્દા નં.(૩) આપના વિભાગ ધ્વારા ડીમોલીશન થયા બાદ ફરીથી વિના મંજુરીએ આ બાંધકામ ઉભું થયું તો ત્યાર બાદ આપના વિભાગ તરફથી આ મિલકતધારકને કોઈ સૂચના કે નોટીસ આપી કે કેમ? જો આવી કોઈ સૂચના કે નોટીસ આપી હોય તો તેની નકલ આપશો. મુદ્દા નં.(૪) ડીમોલીશન થયા બાદ ફરીથી ઉભા થયેલ આ બાંધકામની આકારણી આપના વિભાગ ધ્વારા કઈ તારીખે કરવામાં આવી અને કયા અધિકારી/કર્મચારી ધ્વારા કરવામાં આવી તેની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૫)આકારણી થયા બાદ આ મિલ્કતધારકને અત્યાર સુધીમાં આપેલ વેરાબીલની નકલો આપશો. મુદ્દા નં.(૬) પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સો.આંજણા ફાર્મ ખાતે હાલમાં પેકેજ ડ્રીકીંગવોટરનો પ્લાંટ ચાલે છે કે કેમ? જો ચાલતો હોય તો આ પ્લાંટને આપના વિભાગ તરફથી કોઈ પરમીશન આપી હોય તો તેની નકલ આપશો અને જો પરમીશન ના આપી હોય તો અત્યાર સુધીમાં વિના પરમીશને ધમધમતા આ પ્લાંટ વિરુધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલ સહિતની વિગતવાર માહિતી આપશો. મુદ્દા નં.(૭) પ્લોટ નં.૧૦ માં હાલમાં બોરીંગ છે કે કેમ? જો બોરીંગ હોય તો તે બોરીંગની આપના વિભાગ

પાસેથી પરમીશન લીધી હોય તો તેની નકલ આપશો. મુદ્દા નં.(૮) પ્લોટ નં.૧૦ , ૧૧, ૧૨,૧૪ પર ચાલતાં પેકેજ ડ્રીકીંગ વોટરના પ્લાંટ વિરુધ્ધમાં આરોગ્ય વિભાગ, ફુડ વિભાગ, શહેરી આકારણી વિભાગ સહિતના અન્ય કોઈ પણ વિભાગમાં આરટીઆઈ એકટ હેઠળ કે અન્ય કોઈ અરજીઓ અત્યાર સુધીમાં આવી હોય તો તેની નકલો આપશો. તથા તે અરજીઓ સામે આપની કચેરીના ઉપરોકત વિભાગોએ કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. જે બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી બાબતે કોઈ પ્રતિભાવ નહી મળવાથી અરજદારે તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૮ તા.૧૮–૫–૧૧ થી પૂરક વિગતો મંગાવામાં આવેલ પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો મળેલ નથી જેથી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી કે માહિતીના ઈન્કાર અંગે કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૦૪–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પુરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ,